

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyadnews.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી :મીનાક્ષી રાવલ સાપ્તાહિક

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

**Gandhinagar Office :** Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-29 ■ અંક-30 ■ તા. 17-8-2025 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


# પાટનગરના રામ કથા મેદાન ખાતે ૭૯માં સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય ઉજવણી









ગાંધીનગર તાલુકાના સેક્ટર-૧૧ રામકથા મેદાન ખાતે ગૃહરાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં ૭૯માં સ્વાતંત્ર્ય પર્વની ગાંધીનગર જિલ્લા કક્ષાની ઉજવણી કરવામાં આવી હતી. સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી પ્રસંગે મંત્રીશ્રીએ તિરંગો ફરકાવી માનભેર તિરંગાને સલામી આપી હતી. મંત્રીશ્રીએ ખુલ્લી જીપમાં સવાર થઈ પોલીસ પરેડનું નિરીક્ષણ કરી સલામી આપી હતી. આ અવસરે મંત્રીશ્રીના હસ્તે ગાંધીનગર જિલ્લાની વિકાસ વાટિકા – વર્ષ -૨૦૨૪-૨૫નું પણ વિમોચન કરવામાં આવ્યું હતું.આવી અદભુત અને દેશની ગરિમાને ઉજાગર કરતી કાવ્ય પંક્તિઓ દ્વારા ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ સ્વાતંત્ર પર્વની ઉજવણી પ્રસંગે, ભારત માતાના ચરણોમાં વંદન કરતા, સર્વે નાગરિકોને સ્વતંત્ર પર્વની શુભેચ્છાઓ પાઠવતા, સંબોધનમાં જણાવ્યું હતું કે, ભારતની બહેન દીકરીઓ અને માતાઓના કપાળના સિંદૂર ભૂંસવાનો અપરાધ જે આતંકવાદી એ કર્યો હતો તેનો જવાબ ના પાક આતંકવાદીઓ પર પ્રચંડ પ્રહાર કરીને ઓપરેશન સિંદૂર દ્વારા આપવામાં આવ્યો છે, અને માં ભારતીની સામે ખોટી નજર કરનારાઓની આંખો કાયમ માટે નીચી ઝુકાવી દેવાનું પરાક્રમ એટલે ઓપરેશન સિંદૂર. આ સાથે જ તેમણે ગર્વ ભેર જણાવ્યું હતું કે, દુશ્મન જે ભાષામાં સમજે છે તેને હવે તે જ ભાષામાં જવાબ આપવામાં આવશે.

ઉપરાંત આત્મનિર્ભર ભારતનો પરચો વિશ્વ આખાને ઓપરેશન સિંદૂરથી મળ્યો છે, ત્યારે ભારત પોતાની સુરક્ષા માટે હવે બીજા કોઈ પર નિર્ભર નથી,તેમ જણાવતા મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે,માત્ર પાકિસ્તાન ઓક્યુપાઈડ કાશ્મીર જ નહીં, પરંતુ પાકિસ્તાનના અલગ અલગ રાજ્યોની અંદર જઈને આપણી સેનાએ શત્રુઓ પર પ્રહાર કર્યા છે,આપણી સ્વદેશી ટેકનોલોજી આધારિત એર ડિફેન્સ સિસ્ટમે શત્રુ દેશના તમામ હુમલાઓ નિષ્ફળ બનાવ્યા છે.

આ પ્રસંગે આઝાદીના લડવૈયાઓના વિચારો અને આદર્શોની નીવ થકી દેશના વિકાસની નીતિ ગતિમાન બની હોવાનું જણાવતા,ગૃહરાજ્યમંત્રી શ્રીએ ઉમેર્યું હતું કે,આજે આઝાદીના ૭૯ માં વર્ષ નિમિત્તે આઝાદીના લડવૈયાઓના વિચારો અને તેમના આદર્શોને ધ્યાને રાખીને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ દેશમાં અનેક ઐતિહાસિક કાર્યો કર્યા છે, જેમ કે ગાંધીજીની સ્વચ્છતા ની શીખ ને 'સ્વચ્છ ભારત અભિયાન' થકી જન આંદોલનમાં પરિવર્તિત કરી છે, સરદાર પટેલ સાહેબનું વિઝન સ્ટેચ્યુ ઓફ યુનિટી થકી 'સહકારથી સમૃદ્ધિ' અને 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ના સંકલ્પને સાકાર કર્યો છે, બાબાસાહેબના સામાજિક ન્યાય અને સમાનતાના સિદ્ધાંતોને અનુસરીને છેવાડાના માનવી સુધી લાભ પહોંચાડવામાં આવ્યા છે, સુભાષચંદ્ર બોઝના સૌર્ય અને સાહસને અનુસરીને દેશના સૈન્યને આત્મનિર્ભર બનાવવા સાથે સરહદની સુરક્ષાનો દ્દઢ સંકલ્પ કરવામાં આવ્યો છે, ડો.શ્યામા પ્રસાદ મુખર્જીનું ×એક દેશ, એક વિધાન ,એક નિશાન×નું સપનું કલમ ૩૭૦ હટાવીને સાકાર કરવામાં આવ્યું છે, વીર સાવરકરજીના સમર્પણને અનુસરીને ઘડિયાળનો કાંટો જોયા વિના પ્રધાનમંત્રી શ્રી સહિત તમામ કર્મયોગીઓ દેશ સેવાના કાર્ય કરી રહ્યા છે, શ્યામજી કૃષ્ણ વર્માના સેવા ભાવને અનુસરીને કોરોના કાળમાં મહામારી સામે લડત આપવા પણ આપણે સજ્જ બન્યા હતા, આચાર્ય ચાણક્યના સ્વપ્નને સાકાર કરવા દેશને વિશ્વ ગુરુ બનાવવાના પથ પર પણ આપણે અગ્રેસર છીએ.

આ અવસરે ગૃહ રાજ્ય મંત્રી શ્રી એ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનો હૃદય પૂર્વક આભાર માનતા જણાવ્યું હતું કે,તેમના દૂરંદેશી નેતૃત્વમાં ભારતને વૈશ્વિક મંચ પર એક શક્તિશાળી રાષ્ટ્ર તરીકે જે ઓળખ મળી છે,તે ઘણી બધી યોજનાઓને અને ઘણા બધા તટસ્થ નિર્ણયો ને આભારી છે. જેમાં સાયબર ગુનાઓને સામનો કરવા માટે ૫૦૦ કરોડના ખર્ચે સાયબર સેન્ટર ઓફ એક્સિલન્સ બનવા સાથે, જે ટેકનોલોજીકલ ગુનાઓ સામે ગુજરાતની લડાઈ છે તેને વધુ મજબૂત બનાવાશે તેમ જણાવ્યું હતું. છેલ્લા સાત મહિનામાં ગુજરાત પોલીસે ૨૮૦૯ નાસ્તા ફરતા આરોપીઓને ઝડપીને કાયદાના શાસનને મજબૂત બનાવ્યું છે, સાથે જ ૧૬૮૯ ગુમ બાળકોને શોધીને તેમના પરિવાર સાથે પૂન મિલન કરાવ્યું છે. ઉપરાંત વ્યાજખોરિની ચુંગલ માંથી નાગરિકોને મુક્ત કરાવવાના ૪૦૦ ગુના દાખલ કરી ૮૩૦ વ્યાજખોરોની ધરપકડ પણ કરવામાં આવી છે. જે સરાહનીય કાર્યો છે. રમતગમતનો ઉલ્લેખ કરતા ગૃહરાજ્યમંત્રીએ રમતવીરોને પ્રોત્સાહન પૂરું પાડતાં ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી દ્વારા ૨૦૧૦માં શરૂ કરવામાં આવેલ ખેલ મહાકુંભનો પણ ઉલ્લેખ કર્યો હતો.

વાહન વ્યવહારની વાત કરવામાં આવે તો અઢી વર્ષના સમયગાળાની મહત્વની સિદ્ધિઓ દર્શાવતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, મોડાસા ખાતે રાજ્યનું પ્રથમ એઆઈ દ્વારા સંચાલિત ઓટોમેટીક ડ્રાઈવિંગ ટેસ્ટ ટૂંક સમયમાં સંચાલિત થશે.

પ્રવાસન અંતર્ગત ગત વર્ષે ૧૮ કરોડથી વધારે પ્રવાસીઓએ ગુજરાતની મુલાકાત લીધી હોવાનું ગર્વભેર જણાવતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે,ધરોઈને આઈકોનિક પ્લેસ તરીકે પ્રસ્થાપિત કરવાની નેમ સાથે આસપાસના વિસ્તારને અંદાજે રૂપિયા ૧૧૦૦ કરોડના ખર્ચે વર્લ્ડ ક્લાસ સસ્ટેનેબલ ટુરીઝમ તરીકે વિકસાવવામાં આવશે.

## જજે ૨૦ વર્ષની સજા સંભળાવતા જ ગાંધીનગર કોર્ટમાંથી આરોપી નાસી છૂટ્યો, પોલીસની દોડધામ

ગાંધીનગરથી એક ચોંકાવનાર સમાચાર સામે આવ્યા છે. ગાંધીનગર કોર્ટમાં જજે પોક્સોના આરોપીને દોષિત ઠેરવતાં ૨૦ વર્ષની સજા સંભળાવતો ચુકાદો આપ્યો હતો. આ ચુકાદો સાંભળતા જ આરોપી કોર્ટમાંથી જ નાસી છુટ્યો હતો. આરોપીને પકડવા માટે પોલીસ તંત્ર દોડતું થયું છે. ગાંધીનગર સ્પેશ્યલ કોર્ટમાં આ ઘટના બની હતી. જેમાં મૂળ દાહોદનો આરોપી ભાગી ગયો હતો.

મળતી માહિતી મુજબ આરોપી મૂળ ધોળાકુઆ ખાતે મજૂરી કરતો હતો. રામસિંહ નામનો આરોપી આ આરોપીએ કામના સ્થળે સગીર યુવતી સાથે અડપલાં કર્યા હતા. જેમાં ગાંધીનગર કોર્ટમાં સ્પેશ્યલ પોક્સો કોર્ટમાં કેસ ચાલી રહ્યો હતો. આજે ૧.૩૦ વાગ્યાના સમય દરમિયાન તેને જજ ધ્વારા ૨૦ વર્ષની સજા ફટકારવામાં આવી હતી અને સજા સાંભળીને જ તે કોર્ટનો કઠગરો કૂદીને ભાગી ગયો હતો. પ્રાપ્ત માહિતી મુજબ આરોપીને પકડવા પોલીસ પણ પાછળ દોડી હતી પરંતુ તે કોર્ટ બહાર ભાગી છૂટયો હતો.

ગત સપ્ટેમ્બર મહિનામાં એક આરોપી હથિયાર સાથે ગાંધીનગર કોર્ટ કેમ્પસમાં ઘૂસી ગયો હતો. ત્યારબાદ ગાંધીનગરમાં પોલીસ બંદોબસ્ત વધારી દેવામાં આવ્યો હતો. હાલમાં ગાંધીનગર કોર્ટમાં બંને ગેટ ઉપર પોલીસ બંદોબસ્ત રહે છે. જેમાં એક પોલીસ સબ ઈન્સ્પેક્ટર સાથે અન્ય પોલીસ કર્મીઓ કોર્ટ સંકુલની સુરક્ષા કરે છે.

## દિલ્હીમાં ૯ વર્ષની ૨ બાળકીઓ પર ગેંગરેપ

રાજધાની દિલ્હીના નરેલા વિસ્તારના લંપુર વિસ્તારમાં બનાવવામાં આવી રહેલા સ્વિમિંગ પુલમાં બે બાળકીઓ પર ગેંગરેપનો મામલો સામે આવ્યો છે. બંને બાળકીની ઉંમર લગભગ ૯ વર્ષની છે. પોલીસે આ કેસમાં ૨ આરોપીઓની ધરપકડ કરી છે. આરોપીઓમાંથી એક સ્વિમિંગ પુલનો કોન્ટ્રાક્ટર છે અને બીજો કેરટેકર છે.બાળકીઓને બંધક બનાવીને ગેંગરેપ કરવામાં આવ્યો આઉટર નોર્થ ડીસીપી હરેશ્વર સ્વામીએ જણાવ્યું હતું કે બાળકીઓ પર ગેંગરેપની ઘટના ૭ ઓગસ્ટના રોજ બપોરે બની હતી. પૂલનો દરવાજો ખુલ્લો જોઈને બંને બાળકીઓ અંદર ગઈ. બંનેને એકલી જોઈને કોન્ટ્રાક્ટર અનિલ તેમને એક રૂમમાં લઈ ગયો અને તાળું મારી દીધું.જો કે, એક બાળકીએ આ વાત તેની કાકીને કહી. આ પછી, પરિવારના સભ્યોએ બીજી બાળકીની પણ પૂછપરછ કરી. આ રીતે ગેંગરેપનો ખુલાસો થયો.

## યુપી : મકબરા પર હુમલા બાદ હવે મજારની તોડફોડ, હનુમાનજીની મૂર્તિ સ્થાપિત કરાતાં હોબાળો




ઉત્તર પ્રદેશના ફતેહપુરમાં મકબરો તોડ્યા બાદ હવે ફિરોઝાબાદમાં પણ આવો જ એક બનાવ બન્યો છે. અહીં મલખાનપુર રોડ પર આવેલી પીર બાબાની સેંકડો વર્ષ જૂની મઝારને મંગળવાર મોડી રાત્રે અસામાજિક તત્વોએ તોડી પાડી હતી અને ત્યાં હનુમાનજીની મૂર્તિ સ્થાપિત કરી દીધી હતી.મલખાનપુર રોડ પર આવેલી સેંકડો વર્ષ જૂની પીર બાબાની મઝાર, જ્યાં બંને સમુદાયના લોકો આસ્થા રાખે છે, તેને મંગળવારે મોડી રાત્રે કેટલાક અસામાજિક તત્વોએ તોડી પાડી હતી. માહોલ ખરાબ કરવાના ઈરાદે, તોડી પાડેલી મઝારનો કાટમાળ અને ઈંટો રસ્તા કિનારે મૂકી દેવામાં આવ્યા હતા અને પીર બાબાના મઝાર સ્થળે હનુમાનજીની મૂર્તિ સ્થાપિત કરી દેવાઈ હતી.

આ ઘટના અંગે ગામલોકોને સવાર સુધી કોઈ જાણ નહોતી. જ્યારે સવારે ગામલોકો મઝારની સફાઈ કરવા પહોંચ્યા ત્યારે પીર બાબાની મઝાર ગાયબ જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા. મઝાર તોડી પાડવામાં આવી હોવાની જાણ થતા જ ઘટના સ્થળે ગ્રામજનોની ભીડ ઉમટી પડી હતી અને લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.ઘટનાની જાણ થતા જ પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી.

## કૂતરાઓ મુદ્દે સુપ્રીમ કોર્ટની બહાર દે ધનાધન...:વકીલો સાથે ડોગ લવર્સ બાખડ્યા; કોર્ટના નિર્ણય પર ઉભા થયા સવાલો

રાજકારણીઓથી લઈને ફિલ્મ સ્ટાર્સ અને સામાન્ય લોકો સુધી, રખડતા કૂતરાઓ અંગે સુપ્રીમ કોર્ટના નિર્ણય પર દરેક વ્યક્તિ નારાજગી વ્યક્ત કરી રહ્યા છે. તેઓ કહે છે કે કોર્ટનો આ નિર્ણય ચિંતાજનક છે. કેટલાક લોકો વકીલો સાથે પણ ઝપાઝપી કરી હતી.સુપ્રીમ કોર્ટે દિલ્હી-એનસીઆરમાં રખડતા કૂતરાઓને આશ્રય ગૃહોમાં મોકલવાનો કડક આદેશ આપ્યો છે. જેના પછી ડોગ લવર્સમાં ઘણો ગુસ્સો છે. ૧૧ ઓગસ્ટના રોજ જ્યારે સુપ્રીમ કોર્ટમાં આ મામલે સુનાવણી ચાલી રહી હતી, ત્યારે તે દરમિયાન બહાર ઉભેલા ડોગ લવર્સ અને ત્યાં હાજર વકીલો વચ્ચે ઝપાઝપી થઈ. ટૂંક સમયમાં જ તેમની દલીલ ઝપાઝપીમાં ફેરવાઈ ગઈ. ત્યાં હાજર લોકોએ આ ઘટનાને પોતાના કેમેરામાં કેદ કરી. આનો એક વીડિયો સામે આવ્યો છે. જેમાં વકીલો અને કેટલાક લોકો એકબીજાનો કોલર પકડીને એકબીજા સાથે લડતા જોઈ શકાય છે.

ડોગ લવર્સ અને વકીલો વચ્ચે ઝપાઝપી જોકે, ત્યાં હાજર લોકોએ પણ દરમિયાનગીરી કરવાનો પ્રયાસ કર્યો. એટલું જ નહી, સુપ્રીમ કોર્ટની બહાર ઉભેલા ડોગ લવર્સ બૂમો પાડતા અને વકીલોને ગાળો આપતા જોવા મળે છે. વીડિયો જોઈને એવું લાગે છે કે તેઓ કોર્ટની સુનાવણીનો ગુસ્સો વકીલો પર ઠાલવી રહ્યા છે.સુપ્રીમ કોર્ટની બહાર અથડામણ રાજકારણીઓથી લઈને ફિલ્મ સ્ટાર્સ અને સામાન્ય લોકો સુધી દરેક



વ્યક્તિ રખડતા કૂતરાઓ અંગે સુપ્રીમ કોર્ટના નિર્ણય પર નારાજગી વ્યક્ત કરી રહ્યા છે. તેઓ કહે છે કે કોર્ટનો આ નિર્ણય ચિંતાજનક છે. ઘણા લોકો તેને અમાનવીય પણ કહી રહ્યા છે. સુપ્રીમ કોર્ટની બહારનો આ વીડિયો ચોંકાવનારો છે. જ્યારે સામાન્ય લોકો વકીલો સાથે અથડાયા અને તેમની સાથે દુર્વ્યવહાર કરવાનું શરૂ કર્યું.કોર્ટના નિર્ણય પર સવાલ ઉભા થઈ રહ્યા છે પશુ અધિકાર કાર્યકર્તા અને ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી મેનકા ગાંધી કહે છે કે કોર્ટનો આ નિર્ણય આર્થિક રીતે અવ્યવહારુ છે અને વિસ્તારના પર્યાવરણીય સંતુલન માટે સંભવિત રીતે હાનિકારક છે. તેણી કહે છે કે

દિલ્હીમાં ૩ લાખ રખડતા કૂતરાઓ છે. જો તે બધાને પકડીને આશ્રય ગૃહોમાં મોકલવામાં આવે, તો સરકારે ૧ કે ૨ હજાર આશ્રય ગૃહો બનાવવા પડશે. સૌ પ્રથમ તેના માટે જમીન શોધવી પડશે. તેનો ખર્ચ લગભગ ૪-૫ કરોડ થશે. દરેક સેન્ટરમાં કેરટેકર, રસોઈયા અને ખોરાક આપનારા અને ચોકીદારની વ્યવસ્થા કરવી પડશે. મેનકાએ કહ્યું કે કૂતરાઓની જાળવણી અને સંભાળ પાછળ લગભગ ૧૦,૦૦૦ કરોડ રૂપિયા ખર્ચ થશે, શું દિલ્હી પાસે આ કામ માટે આટલી મોટી રકમ છે?સુપ્રીમ કોર્ટે રખડતા કૂતરાઓ વિશે શું કહ્યું?

## રશિયાના સસ્તા ઓઈલથી સામાન્ય જનતાને કોઈ ફાયદો નહીં:ઓઈલ કંપનીઓ માલામાલ

છેલ્લા ૩ વર્ષથી, ભારત રશિયા પાસેથી ૫ થી ૩૦ ડોલર પ્રતિ બેરલના ડિસ્કાઉન્ટ પર ક્રૂડ ઓઇલ ખરીદી રહ્યું છે. આ ડિસ્કાઉન્ટનો ૬૫% હિસ્સો રિલાયન્સ અને નાયરા જેવી ખાનગી કંપનીઓ તેમજ ઈન્ડિયન ઓઇલ અને ભારત પેટ્રોલિયમ જેવી સરકારી કંપનીઓને મળ્યો. સરકારને ૬૫% ફાયદો થયો. જ્યારે સામાન્ય માણસને તો કંઈ જ મળ્યું નહીં.હાલમાં, અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર ૫૦% ટેરિફ લાદ્યો છે. તેમણે રશિયા પાસેથી ઓઈલ ખરીદવાને તેનું કારણ ગણાવ્યું છે. ટ્રમ્પ કહે છે કે ભારતીય રિફાઈનરી કંપનીઓ તેને પ્રોસેસ કરે છે અને યુરોપ અને અન્ય દેશોમાં વેચે છે. રશિયાના હુમલાને કારણે યુક્રેનમાં કેટલા લોકો માર્યા ગયા છે તેની ભારતને કોઈ કદર નથી.

જવાબ: કાગળ પર ઓઈલના ભાવ નિયંત્રણમુક્ત હોવા છતાં, છૂટક ભાવ સરકાર અને ઓઈલ કંપનીઓના નિયંત્રણ હેઠળ છે. સરકારને કરમાંથી સ્થિર આવકની જરૂર છે અને ઓઈલ કંપનીઓ જૂની LPG સબસિડીના નુકસાનનું કારણ આપીને તેમના માર્જિનને યોગ્ય ઠેરવે છે. પરિણામ એ આવે છે કે સસ્તા ઓઈલનો લાભ કંપનીઓ અને સરકારના ખિસ્સામાં જઈ રહ્યો છે, સામાન્ય લોકોના ખિસ્સામાં નહીં.પેટ્રોલ અને ડીઝલના ભાવનો મોટો હિસ્સો કરવેરા તરીકે જાય છે. કેન્દ્ર સરકાર પેટ્રોલ પર પ્રતિ લિટર ૧૩ રૂપિયા અને ડીઝલ પર પ્રતિ લિટર ૧૦ રૂપિયા એક્સાઈઝ ડ્યુટી વસૂલ કરે છે.

# PM મોદી ફરી ગુજરાત આવશે:૨૪-૨૫ ઓગસ્ટે વડનગર અને બેચરાજીની મુલાકાત લેશે



આગામી ૨૪ અને ૨૫ ઓગસ્ટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત આવે તેવી સંભાવના છે. આ દરમિયાન તેઓ પોતાના વતન વડનગર અને બેચરાજીની મુલાકાત લેશે તેવી જાણકારી ગુજરાત સરકારના સૂત્રો પાસેથી મળી રહી છે. આ મુલાકાત દરમિયાન મોદી વડનગરમાં તૈયાર થનારા મલ્ટી મોડલ ટ્રાન્સપોર્ટ હબનું ઉદ્ઘાટન કરે તેવું જાણવા મળ્યું છે. આ ઉપરાંત બેચરાજી પાસે સુઝુકી મોટર્સના પ્લાન્ટની મુલાકાત લઈને તેઓ અહીં કંપનીના નવા બેટરી સંચાલિત વાહનોના પ્રોડક્શન યુનિટનું ઉદ્ઘાટન પણ કરી શકે છે.

આ અંગે હજુ ગુજરાત સરકારને વડાપ્રધાન કાર્યાલયમાંથી સત્તાવાર સંપૂર્ણ વિગતવાર કાર્યક્રમ આપવામાં આવ્યો નથી. પરંતુ પ્રારંભિક તબક્કે આ કાર્યક્રમને લઈને કોઇ તૈયારી થઇ શકે છે.

ગુજરાતના આ પ્રવાસ દરમિયાન ૨૪ ઓગસ્ટે બપોર બાદ મોદી અમદાવાદ પહોંચીને ગાંધીનગર રાજભવન ખાતે રોકાણ કરશે. અહીં મહાત્મા મંદિરમાં પણ કોઇ જાહેર કાર્યક્રમ યોજાઇ શકે છે. તેઓ રાત્રિ રોકાણ દરમિયાન ગુજરાત સરકાર તેમજ ભાજપના કેટલાક નેતાઓ સાથે બેઠક પણ કરી શકે છે.

# નવી રચાયેલી ૯ મનપાની ચૂંટણીની તૈયારીઓ શરૂ:મદદનીશ ચૂંટણી અધિકારીઓની નિમણૂક કરવામાં આવી, ૬ મહિનામાં ચૂંટણી યોજાઈ શકે



ગુજરાતમાં આ વર્ષના અંતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજાવાની છે. રાજ્યની રચાયેલી ૯ નવી મહાનગરપાલિકાઓની ચૂંટણી યોજવાની પણ રાજ્ય ચૂંટણી પંચ દ્વારા તૈયારી કરી લેવામાં આવી છે. નવી રચાયેલી મહાનગર પાલિકાઓમાં ચૂંટણી અધિકારીઓની નિમણૂક કરાયા બાદ હવે તેઓની મદદ માટે મદદનીશ ચૂંટણી અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે. જેઓના નામની યાદી નીચે મુજબ છે.

૧૪ વર્ષ બાદ ગુજરાતને નવી મહાનગરપાલિકાઓ મળી છે. આ પહેલાં ૨૦૦૨માં જૂનાગઢ અને છેલ્લે ૨૦૧૦માં ગાંધીનગર મહાનગરપાલિકા બની હતી. રાજ્યમાં હાલ ૮ મહાનગરપાલિકાઓ હતી. તેમાં હવે નવસારી, ગાંધીધામ, મોરબી, સુરેન્દ્રનગર, મહેસાણા, વાપી, આણંદ, પોરબંદર અને નડિયાદનો સમાવેશ કરાતા મહાનગરપાલિકાઓની સંખ્યા ૧૭ થઈ ચૂકી છે.રાજ્યમાં ૬ જૂની અને ૯ નવી મળી કુલ ૧૫ મહાનગરપાલિકાઓની આ વર્ષના અંતે ચૂંટણીઓ યોજાશે. જેની તૈયારીઓ રાજ્ય ચૂંટણી પંચ દ્વારા શરૂ કરી દેવામાં આવી છે. જેના ભાગરૂપે જ જતે નવી રચાયેલી મહાનગરપાલિકાઓ છે તેમાં જરુરી કામગીરીને વેગ આપવા માટે મદદનીશ ચૂંટણી અધિકારીઓની નિમણૂક કરી દેવામાં આવી છે.

# ગાંધીનગર ખાતે "વિભાજન વિભિષિકા સ્મૃતિ દિન" અન્વયે કાર્યક્રમ યોજાયો








## એકતા, સામાજિક સમરસતા અને માનવીય સંવેદનાઓને મજબૂત કરવા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દર વર્ષે ૧૪ ઓગસ્ટ "વિભાજન વિભિષિકા દિવસ" તરીકે ચિહ્નિત કર્યો : શ્રી નીતિનભાઈ પટેલ

ગાંધીનગર જિલ્લા ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે આજે ૧૪ ઓગસ્ટના રોજ ગાંધીનગર જિલ્લા ભાજપા અધ્યક્ષ શ્રી અનિલભાઈ પટેલ અને ગુજરાત રાજ્યના પૂર્વ નાયબ મુખ્યમંત્રી તેમજ વરિષ્ઠ નેતા શ્રી નીતિનભાઈ પટેલની ઉપસ્થિતિમાં "વિભાજન વિભિષિકા સ્મૃતિ દિન" અન્વયે કાર્યક્રમ અને મૌન રેલી ગાંધીનગર ખાતે યોજાઈ ગયા હતા. આ પ્રસંગે ધારાસભ્યશ્રી જે.એસ.પટેલ અને શ્રી બલરાજસિંહ ચૌહાણ પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં વક્તા તરીકે ઉપસ્થિત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી તેમજ વરિષ્ઠ નેતા શ્રી નીતિનભાઈ પટેલે "વિભાજન વિભિષિકા સ્મારક દિવસ' એ તમામ લોકોને નમન કર્યા હતા જેમણે ભાગલાને કારણે પોતાનો જીવ ગુમાવ્યો અને તેમના પરિવારના સભ્યો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.

શ્રી પટેલે કહ્યું હતુ કે ૨૦૨૧ માં, આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ દર વર્ષે ૧૪મી ઑગસ્ટના રોજ "વિભાજન વિભિષિકા સ્મૃતિ દિવસ" ઉજવવાની જાહેરાત કરી હતી. જેથી કરીને ભારતની વર્તમાન અને ભાવિ પેઢીઓને દેશના વિભાજન દરમિયાન લોકોને થયેલી પીડાની યાદ અપાવી શકાય. આ દિવસ આપણને ભેદભાવ, દુશ્મનાવટ અને દ્વેષના ઝેરનો અંત લાવવા તેમજ એકતા, સામાજિક સમરસતા અને માનવીય સંવેદનાઓને મજબૂત કરવા પ્રેરણા આપશે.શ્રી પટેલે જણાવ્યું હતું કે ૧૯૪૭માં ધર્મના આધારે દેશનું વિભાજન ઈતિહાસનો કાળો અધ્યાય છે. તેનાથી પેદા થયેલી દ્વેષે લાખો લોકોના જીવ લીધા અને કરોડો લોકોને વિસ્થાપિત કર્યા. દેશે આની ભારે કિંમત ચૂકવવી પડી હતી.

શ્રી પટેલે ઉમેર્યું હતું કે ૧૪ ઓગસ્ટ ૧૯૪૭નો એ દિવસ કયો ભારતીય ભૂલી શકે? એક તરફ ૨૦૦ વર્ષની ગુલામી બાદ આઝાદી મળવાની હતી તો બીજી તરફ દેશ બે ભાગમાં વહેંચાઈ રહ્યો હતો. દેશના કેટલાક નેતાઓની રાજકીય મહત્વાકાંક્ષાએ દેશના બે ટુકડા કરી દીધા હતા. દેશના વિભાજનના પરિણામે લાખો લોકોએ રમખાણોમાં જીવ ગુમાવ્યા, લાખો પરિવારો વિખેરાઈ ગયા, લાખો પરિવારોએ ઘર ગુમાવ્યા. આજે દેશમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને રાજ્યમાં મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ભાજપની સરકારોએ આંતરિક અને બાહ્ય સુરક્ષા સુદઢ બનાવી દેશની પ્રગતિ અને નાગરિકોની સુખાકારી, શાંતિ અને સલામતી સુનિશ્ચિત કરી છે જિલ્લા ભાજપા અધ્યક્ષશ્રી અનિલભાઈ પટેલે આજના દીને જીવ ગુમાવનાર હુતાત્માઓને સ્મરણાંજલિ પાઠવી કહ્યું હતુ કે આજનો આ દિવસ સમગ્ર દેશ માટે પીડાદાયક. આજના દિવસે જ દેશના થયેલ ભાગલાના પરિણામે લાખો લોકો પોતાના ઘર, જમીન અને પ્રદેશથી વિસ્થાપિત થયા અને અસંખ્ય લોકોએ આ ત્રાસદીમાં પોતાના સ્વજનો પણ ગુમાવ્યા.તેઓએ કહ્યું કે આ વિભાજનની ખૂબ મોટી કિંમત દેશે ચૂકવવી પડી. તેઓએ ઉમેર્યું હતું કે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં ભારત આજે દરેક ક્ષેત્રે વૈશ્વિક કક્ષાએ અગ્રીમ હરોળમાં આવ્યું છે. તેઓએ પ્રત્યેક નાગરિકોને અખંડિત અને અક્ષુણ ભારત નિર્માણ માટે સંકલ્પબદ્ધ થવા આહવાન કર્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા ભાજપના હોદેદારો, કલોલ, માણસા, ગાંધીનગર અને દહેગામ ભાજપના પદાધિકારીઓ, અગ્રણીઓ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.(આગવું ગુજરાત)

# પ્રાંતિજ ખાતે સ્વાતંત્ર્ય દિનની પૂર્વ તૈયારીના ભાગરૂપે રિહર્સલ યોજાયુ



સાબરકાંઠા જિલ્લામાં ૧૫મી ઑગસ્ટ સ્વાતંત્ર્ય દિનની ઉજવણીની પૂર્વ તૈયારીના ભાગરૂપે જિલ્લા કલેક્ટરશ્રી લલિત નારાયણ સિંઘ સાદુંની ઉપસ્થિતિમાં રીહર્સલ યોજાયું હતુ. તા.૧૫ ઑગસ્ટ ૨૦૨૫ના રોજ ૭૯મા સ્વાતંત્ર્ય દિનની જિલ્લાકક્ષાની ઉજવણી પ્રાંતિજની અવર ઓન હાઈસ્કૂલ ખાતે કરવામાં આવશે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જિલ્લાકક્ષાના આ ઉજવણીને ધ્યાને લઈને કાર્યક્રમના સ્થળે તડામાર તૈયારીઓ કરવામાં આવી છે.

આ રિહર્સલમાં કલેક્ટરશ્રી દ્વારા પરેડનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. તેમજ શાળાના વિધાર્થીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે આ સ્વાતંત્ર્ય પર્વ આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી ઋષિકેશ પટેલ ની ઉપસ્થિતિમાં ઉજવાશે.

આ રીહર્સલમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી હર્ષદ વોરા, જિલ્લા પોલીસવડાશ્રી વિજય પટેલ, અધિક નિવાસી કલેક્ટરશ્રી કિષ્ના વાઘેલા, પ્રાંતશ્રી પ્રાંતિજ, ગ્રામ વિકાસ એજન્સી નિયામક શ્રી પાટીદાર તેમજ વિવિધ અમલીકરણ અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ, શિક્ષકગણ તેમજ મોટી સંખ્યામાં વિધ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

# ગોરલના સર્પ મિત્ર પ્રદીપ પટેલ દ્વારા ઈડરમાં કેળાનું વિતરણ



૧૫મી ઓગસ્ટ સ્વતંત્રતા દિવસે દેશભરમાં આઝાદીના મહોત્સવની ઉજવણી થઈ રહી છે ત્યારે ઈડર તાલુકાના ગોરલ ગામના સર્પ મિત્ર તથા યૂટ્યૂબર પ્રદીપ પટેલ અને તેમની ટીમે આ સ્વતંત્રતા પર્વ નિમિત્તે સમાજસેવાનું એક ઉત્તમ કાર્ય હાથ ધાર્યું હતું. ઈડર જનરલ સિવિલ હોસ્પિટલ તથા આત્મા વલ્લભ હોસ્પિટલમાં જઈ દર્દીઓને અંદાજીત ૮૦થી ૧૦૦ ડઝન કેળાનું પ્રસાદ સ્વરૂપે વિતરણ કરવામાં આવ્યું હતું. પ્રદીપ પટેલ લાંબા સમયથી પોતાના વિસ્તારમાં વિવિધ જાતિના સાપ અને અજગરનું રેસ્ક્યુ કરી જંગલ વિસ્તારમાં સુરક્ષિત છોડે છે તથા તેના વીડિયો અવારનવાર સોશિયલ મીડિયા પર મૂકી લોકજાગૃતિ ફેલાવે છે. સાથે જ તેઓ જરૂરિયાતમંદ પરિવારોને કરીયાણા કીટનું વિતરણ જેવી માનવ સેવાની પ્રવૃત્તિઓ પણ કરે છે. તેમના આ સેવાકાર્યોને લોકો બિરદાવી રહ્યા છે.

# વિજયનગર ખાતે સ્વયં શ્રી પ્રોજેક્ટ અંતર્ગત મંગલમ્ કેન્ટીનનું ઉદ્ઘાટન કરાયું હતું





રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં આદિજાતિ વિસ્તારની આર્ટસ કોલેજ વિજયનગર ખાતે સ્વયં શ્રી પ્રોજેક્ટ અંતર્ગત રિલાયન્સ ફાઉન્ડેશન તથા બાયફ સંસ્થા ના સહયોગ થી જિલ્લા વિકાસ અધિકારી શ્રી હર્ષદ વોરાના વરદ હસ્તે મંગલમ્ કેન્ટીન નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું.આદિજાતિ વિસ્તારમાં કોલેજના વિદ્યાર્થીઓ સ્થાનિક વાનગીઓ માંણી શકે તેમજ સ્થાનિક મહિલાઓને આત્મ નિર્ભર બની રોજગારી મળે તે ઉદ્દેશ્ય થી આ સ્વયં શ્રી પ્રોજેકટ અંતર્ગત મંગલમ્ કેન્ટીનનું ઉદ્ઘાટન કરાયું.

આ પ્રસંગે ગ્રામ વિકાસ એજન્સી નિયામક શ્રી કે.પી .પાટીદાર , શ્રી એચ એમ પટેલ ટ્રસ્ટી શ્રી આર્ટસ કોલેજ વિજયનગર,શ્રી સાગર બોદર તાલુકા વિકાસ અધિકારી વિજયનગર,શ્રીમતી વર્ષાબેન મહેતા રિલાયન્સ ફાઉન્ડેશન,શ્રી રવિકાન્ત કુમાર બાયફ સંસ્થા,શ્રી ક્રિષ્ના રેડ્ડી બાયફ સંસ્થા તથા એન આર એલ એમ યોજના તેમજ બાયફ સંસ્થાના સ્વયંશ્રી પ્રોજેક્ટ નો જિલ્લા તથા તાલુકા કક્ષાના તમામ કર્મચારી શ્રી તેમજ સમસ્ત કોલેજ સ્ટાફ ઉપસ્થિત રહેલ.

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001
તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું